## જૂનાગઢ કૃષિ યુનિ. ખાતે ઔષધિય વનસ્પતિ અંગે પરિસંવાદ

# દેશમાં ગુગળની ૧ હજાર ટનની જરૂરિયાત સામે પાકે છે માત્ર ૫ ટન

જૂનાગઢ, તા. ૭

જૂનાગઢ કૃષિ યુનિ. ખાતે ઔષધિય વનસ્પતિની ખેતી, પ્રક્રિયા અને બજાર વ્યવસ્થા પર એક પરિસંવાદ યોજાયો હતો. જેમાં વડોદરા વન વિકાસ નિગમનાં સંયુક્ત નિયામકે જણાવ્યું હતું કે, દેશમાં ગુગળની એક હજાર ટનની જરૂરિયાત સામે માત્ર ૫ ટન ગુગળ પાકે છે. આથી ઔષધિય વનસ્પતિની ખેતી કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

## ગુંદરના કુલ ઉત્પાદનમાં દેશમાં ૩૦ ટકા હિસ્સો ગુજરાતનો

દિન પ્રતિદીન લોકોની આયુર્વેદ પ્રત્યેની રૂચિ વધતી જાય છે ત્યારે ઔષધિય વનસ્પતિની ખેતી પર ભાર મુકવાની જરૂર છે. આજે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ઔષધિય વનસ્પતિની ખેતી, પ્રક્રિયા અને બજાર વ્યવસ્થા પર એક પરિસંવાદ યોજાયો હતો. જેમાં ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર ડો. એમ.સી. પંતએ જણાવ્યું હતું કે દેશ-વિદેશમાં પણ ઔષધિય વનસ્પતિની મોટી માંગ છે. પરંતુ માંગના પ્રમાણમાં પુરવઠો નથી. આપણી પાસે જમીન છે, જ્ઞાન છે, જ્ઞાનને અમલમાં મુકવાની સમજ છે, પરંતુ વલણ નથી. જ્યારે વન વિકાસ નિગમ વડોદરાના સંયુક્ત નિયામક ડો. એસ.એન. ત્યાગીએ જણાવ્યું હતું કે આપણે ત્યાં ૮૦ લાખ જેટલા આદિવાસી લોકો છે. તેનો નિર્વાહ ઔષધિય વનસ્પતિઓ પર છે તેથી એ લોકો માટે ઔષધિય વનસ્પતિ જ રોજીરોટીનું સાધન છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, દેશનાં કુલ ગુંદરનાં ઉત્પાદનમાં ૩૦ ટકા ગુંદર ગુજરાતમાં પાકે છે. જ્યારે દેશને કુલ ૧ હજાર ટન ગુગળની જરૂરિયાત છે. જેની સામે આપણે ૫ ટન ગુગળ પકવી શકીએ છીએ. આ ઉપરાંત કુલપતિ એન.સી. પટેલે લુપ્ત થતી જતી ઔષધિય વનસ્પતિનું સંરક્ષણ કરવા જણાવ્યું હતું.